વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આદિજાતિ પેટા યોજના હેઠળ નાગરિક પુરવઠા માટેની ખાસ જોગવાઈ (ગુજરાત પેટર્ન હેઠળ) થનાર ખર્ચ માટેની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બીયુડી/૧૦૨૦૧૮/૮૧/બજેટ
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા. ૦3/૦૪/૨૦૧૯

**ઠરાવઃ-**

વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આદિજાતિ પેટા યોજના હેઠળ નાગરિક પુરવઠા માટેની ખાસ જોગવાઈ (ગુજરાત પેટર્ન હેઠળ) અંદાજપત્રમાં રૂ.૩૫.૫૦/- લાખ (રૂપિયા પાત્રીસ લાખ પચાસ હજાર પૂરા) ની જોગવાઈ કરવામાં આવેલ છે.

આદિજાતિ પેટા યોજના હેઠળ નાગરિક પુરવઠા માટેની ખાસ જોગવાઈ (ગુજરાત પેટર્ન હેઠળ) યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રની જોગવાઈ મુજબના રૂ.૩૫.૫૦/- લાખ(રૂપિયા પાત્રીસ લાખ પચાસ હજાર પૂરા) ખર્ચ કરવા એકાઉન્ટ ઓફિસર,આદિજાતિ વિકાસ કમીશ્નર કચેરીને નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

3. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનું ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. પ્રસ્તુત કામે, ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| ક્રમ | | સદર | | જોગવાઇ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | TASP | માંગણી ક્રમાંકઃ-<br>મુખ્ય સદરઃ-<br>પેટા મુખ્ય સદરઃ-<br>ગૌણ સદરઃ-<br>પેટા સદરઃ- | ૯૬<br>૩૪૫૬<br>૦૦<br>૭૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>૦૨ - પીડીએસ-૧૯ આદિજાતિ પેટા યોજના હેઠળ નાગરિક પુરવઠા માટેની ખાસ જોગવાઈ | રૂ. ૩૫.૫૦ (રૂપિયા પાત્રીસ લાખ પચાસ હજાર પુરા) |

૨૮

શાખાની સમાનાંકી ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૩૦/૦૩/૨૦૧૯ની મંજુરી અનુસાર વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Shah ૩.૫.૧૯

(આર. જી. શાહ)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
હિસાબી અધિકારીશ્રી,
આદિજાતિ વિકાસ વિભાગ કમિશ્નર કચેરી,
સેકટર ૧૦-એ, બીરસા મુંડા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) સેકશન અધિકારીશ્રી, આદિજાતી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૪) અગ્ર સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાણાંકીય સલાહકારશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગર
(૭) સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ ક-શાખા સચિવાલય, ગાંધીનગર
(૮) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૦) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) સિલેકટ ફાઈલ